વિનિયમોના અમલની સાથે લઘુમતી અથવા બિન લઘુમતી તમામ શાળાઓને કામના કલાકો અને દિવસો
વિનિમય-૧૭ની જોગવાઈ લાગુ પડે છે.

# સાર સંચય : ઠરાવો–પરિપત્રો

૧) ડેડસ્ટોકની વસ્તુઓ કમી કરવા શિક્ષણ નિયામકશ્રીના પરિપત્ર ક્રમાંક : ૬૨/૫૬જી એ./ ઇ.એ.એચ.એસ. તા. ૬-૫-૭૬ મુજબ નિરીક્ષણ કરતી વખતે બાદ કરવાની વસ્તુઓ બતાવીને ખરેખર રદ થવાને પાત્ર પ્રમાણપત્ર મેળવીને સંચાલક મંડળનો ઠરાવ કર્યા પછી જ વસ્તુઓ કમી કરવી.

૨) ધો.૮ થી ૧૧ નાપાસ થનાર વિદ્યાર્થી બીજા વર્ષે અભ્યાસ ચાલુ રાખે તો તેને ફી ભરવી પડે છે. જ્યારે વિદ્યાર્થી નાપાસ થાય તો બીજા વર્ષે તેની ફી વાલી પાસેથી વસુલ ન કરતાં સમાજ કલ્યાણ ખાતા પાસેથી હોય છે. અને કદાચ ત્રીજી વખત પણ નાપાસ થાય તો ત્રીજા વર્ષની ફી વાલીએ ભરવી પડે છે.
(શિ. મ.વિ.ઠરાવ ક્રમાંક : એસ.એસ.એન-૩૪૭૫-૧૧૩૪૯/ જી, તા. ૭-૨-૭૬)

૩) વિદ્યાર્થીઓની સંખ્યા પર આધારિત કર્મચારીઓ માટે જે તે વર્ષની ઓગસ્ટ મહિનાની સંખ્યા ગણતરીમાં છે. (શિ.નિ.ક્રમાંક : ૧૮ મબશ-પગાર ૨: ૭૧ થી તા. ૨૪-૮-૭૭)

૪) ધો. ૮-૯ માટે જે તે ધોરણની વાર્ષિક પરીક્ષામાં બેસવા માટે ઓછામાં ઓછી ૭૫ ટકા હાજરી જોઈએ (ગુ. માધ્યમિક શિક્ષણ બોર્ડ પત્રાંક ચલશ-ક-૧૧૬૧૧, તા. ૨૪-૮-૭૭)

૫) સ્વૈચ્છિક નિવૃત્તિ લેનાર કર્મચારી પાછળથી કોઈ પણ પ્રકારની નોકરી કરી શકશે નહીં. ફક્ત સ્વતંત્ર ધંધો કરી શકે.

૬) જે તે વર્ષની જુલાઈથી એપ્રિલ સુધીની ૧૦ માસની હાજરી ગ્રાન્ટના હેતુ માટે સરાસરી ગણવી.

૭) શિક્ષકમાંથી આચાર્યમાં નિમાય ત્યારે તા. ૫-૧-૬૫ ના જી.આર.નો લાભ તા. ૨૪-૧૦-૭૭ની

મળેલ છે. કલાર્કોના પ્રમોશન વખતે તા. ૫-૧-૬૫ નો લાભ ૧૯૭૯ થી મળેલ છે. જ્યારે પટાવાળાને નાયકમાં પ્રમોશન મળતાં તા. ૫-૧-૬૫નો લાભ તા. ૬-૧-૮૬ થી મળેલ છે. સેકન્ડ હેડ ફર્સ્ટ હેડ બને ત્યારે પણ તા. ૫-૧-૬૫નો લાભ મળે છે.

૮) માધ્યમિક શાળાના માન્ય વર્ગોમાં નિયત સંખ્યા કરતાં કોઈ પણ વર્ગમાં ૫૫ કરતાં વધુને શાળા પ્રવેશ આપવામાં આવશે નહીં. બોર્ડ છૂટછાટ આપી શકે છે.

૯) ટૂંકી મુદતની નોટીસનો પગાર લીધા વિના નોટીસ સ્વીકારવાની સત્તા મેનેજમેન્ટને છે. એટલે નોટીસ પગાર વસૂલ કર્યા સિવાય મેનેજમેન્ટ કર્મચારીને છુટા કરી શકે છે નોટીસ પે વસુલ કરેલ ન હોય તો તેટલી નોટીસ પગારની રકમ ગ્રાન્ટમાંથી કપાશે નહી.

૧૦) ૨૧ કલાકના કાર્યભારમાં શિક્ષકે કરેલ ખરેખર વર્ગકાર્ય તથા સમયપત્રક પ્રમાણે બાળકો સાથે રહી કરેલું કાર્ય જેવું કે પ્રાર્થનાનો સમાવેશ થાય છે.
(જા. ન. : સનદ-૧૫-કમિટિ-ઘ.શિ.નિ. કચેરી, તા. ૨૯-૧૨-૬૯)

૧૧) યોગ્ય પૂર્ણકાલિન શિક્ષકને હેડમાસ્તરનો ચાર્જ કામચલાઉ ૩૦ દિવસ કે તેથી વધુ સમય માટે સોંપવામાં આવે તો સમાન દરજ્જાની જગ્યાના હવાલા માટે ૫% અને ઊંચા દરજ્જાની જગ્યાના હવાલા માટે પગારના ૧૦% મળે. (ના.વિ. તા. ૨૦-૪-૯૨નો ઠરાવ ચાર્જ-એલાઉન્સ મળવાપાત્ર છે. )

૧૨) વિનિયમ ૩૨ (ક) (ખ) (ગ) ૨૬. નવો વિનિયમ ૩૨ (૨) : બિનસરકારી માધ્યમિક શાળાનો પૂર્ણકાલીન સ્ટાફ મહેનતાણું લઈને કે લીધા વગર ખાનગી ટ્યુશન કરી શકશે નહીં. ઉચ્ચતર માધ્યમિક શાળાનો પૂર્ણકાલિન સ્ટાફ પણ કરી શકશે નહીં.
(ઠરાવ નં. :બમશ-૧૨૯૭/૧૪૬૯/૨૮૮-ગ, તા. ૧૦-૧-૭૭)

૧૩) પટાવાળાને રાત્રે ચોકીદાર / વોચમેન તરીકે ફરજ સોંપી ન શકાય. પરંતુ સંજોગોવશાત સોંપવામાં આવે તો તેને દિવસે ફરજ સોંપી શકાય નહી.
(શિ.નિ. પરિપત્ર નં. : બમશ-૭૩-ઘ, તા. ૧૧-૬-૭૩)

૧૪) એક જ સંચાલક મંડળ હસ્તકની જુદી જુદી શાળાઓ સ્વતંત્ર એકમો છે. એટલે જુદી જુદી શાળાના કર્મચારીઓની સિનિયોરીટી અલગ ગણાય. (ઇ.ડી.એસ.-૯૬૭૬-૭૫૯૭-ગ, તા. ૨૧-૧૨-૭૫)

૧૫) કલાર્કે શિક્ષક તરીકે અને શિક્ષકે કલાર્ક તરીકે કે શિક્ષકે આચાર્ય તરીકે અને ફરી પાછા શિક્ષક તરીકે નોકરી કરી હોય તો પણ તેની નોકરીઓ પેન્શનપાત્ર ગણાય છે.
(એસ.એસ.એન.-૩૪૭૪-૨૮૬૫૭-ગ, તા. ૨૭-૯-૭૭)

૧૬) શાળા છોડયા બાદ પણ શાળાના જનરલ રજીસ્ટરમાં જન્મતારીખનો સુધારો જરૂરી કાર્યવાહી કરી, મંજૂરી મેળવી શકાય છે.

(શિ. અને મ. વિભાગનો પત્રાંક : એસ.એસ.એન.-૩૪૭૪-૫૭૭૪૯ ગ, તા. ૨૭-૭-૭૬)

૧૭) સમગ્ર નોકરીમાં ૩૬ માસની એલ.ડબલ્યુ.પી. વાળી નોકરી પેન્શન પાત્ર છે.
(જી. એન. એફ.ડી.-૭૭-પેન-૧૦૬૬-૧૧૭૮, તા. ૧-૫-૭૨)

૧૮) બિન શૈક્ષણિક કર્મચારીઓને પણ શાળાની સ્થાનિક રજાનો લાભ આપવાનું તથા વેકેશન દરમ્યાન શાળાનો સમય સ્થાનિક સાનુકૂળતા પ્રમાણે રાખી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને જાણ કરવી.
( ક્રમાંક : જી-૧૨જા વેકેશન-૩૬૯૧૧-૮૯૧, ગુ.મા.શિ. બોર્ડ, તા. ૨૪-૧-૭૯)

૧૯) વિનિયમ ૨૭-(૯) ની આચાર્યની નાણાંકીય ફરજોના સંદર્ભમાં પગારબીલ આચાર્યની સહીથી જ જિ.શિ.અ.ને મોકલવામાં આવે તો મંજૂર કરવું.

૨૦) માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાના બિન શૈક્ષણિક કર્મચારીઓને સત્રાંતે નિવૃત્તિનો લાભ મળવાપાત્ર છે.
(શિ. વિ. બમશ-૧૦૯૭-એમ.એલ.એ.૬, તા. ૨૭-૧૧-૯૭)

૨૧) વેકેશનમાં વિદ્યાર્થીઓ સાથે પ્રવાસ જનાર શિક્ષક વિનિયમ ૩૦ (૭ક) પ્રમાણે પ્રવાસના દિવસો જેટલી હક રજા પ્રાપ્ત કરી શકે છે.

૨૨) પ્રથમ સત્રમાં ૩ માસની નોકરી થઇ હોય તો જ વેકેશન પગાર મળે જે વેકેશનમાં છુટા થનારને જ લાગુ પડે છે. પણ બીજા સત્રમાં જો તેની નોકરી ચાલુ રહેવાની હોય તો ગમે તેટલા દિવસને નોકરી થઇ હોય છતાં વેકેશન પગાર મળે જ. (વિનિયમ-૨૫ (૨) નિવૃત્તિના કેસમાં આ નિયમ લાગુ પડતો નથી.

૨૩) પ્રસંગોપાત જાહેર થતી વધારાની જાહેર રજાઓ જે તે વર્ષની ૮૦ દિવસમાં ગણવાપાત્ર નથી.
(બોર્ડ રજા -બ-ક-૮૯૨-૯૦૦૬, તા. ૧૬-૮-૭૬)

૨૪) વેકેશનમાં આવતી જાહેર રજાઓ વેકેશનનો ભાગ ગણાય.

૨૫) બોનસની પાત્રતા માટે અર્ધપગારી રજા નોકરી તરીકે ગણાય.

૨૬) વેકેશન દરમ્યાન સાંસ્કૃતિક કાર્યક્રમો કે શિબિરોમાં જોડાવા માટે હક રજા મળે.
(ઉ.ઇ. અનુ. ૧૫ વેકેશન રજા ધ-૪૦૯૦-૯૮, તા. ૬-૮-૮૨)

૨૭) ચૂંટણીની કામગીરી માટે જે તે વર્ષની બી.સી.એસ.આર. મુજબ પ્રાપ્ત રજા મળે.

૨૯) ધો.૮ના એક વર્ગ વાળી શાળા પણ માધ્યમિક શાળા છે. (શિ.નિ. એસ.એસ.એન.-૩૬૦૭-૫૪૦૩, આઇ.આઇ. જી. , તા. ૨૬-૫-૭૭) આવી શાળાના આચાર્યને પગાર ધોરણ મળી શકે. (એસ. એસ. એન.-ગ-૧૧૭૮-૫૨૯, તા. ૨૬-૯-૭૮)

૩૦) શાળા સેવાપોથી ન નિભાવે તો ગ્રાન્ટ કાપ આપવો અને આચાર્યનો ઇજાફો અટકાવવો. (એસ.એસ.એન.-૧૧૭૮-૧૪૬૮-ગ, તા. ૧૦-૧-૭૯)

૩૧) ધો.૧૧ ના અભ્યાસ માટે જી.પી.એફ. માંથી રૂા. ૭૦૦૦/ -સુધી કે અંશત : કે આખરી ઉપાડ મંજૂર થઇ શકે. (ના.વિ. ઠરાવ : પી.એફ.આર.-૧૦૯૧-૭૯૭ (૯૫), તા.૫-૧-૯૬)

૩૨) તબીબી ભથ્થું માસિક રૂા. ૧૦૦/-મળવાપાત્ર છે. (ના.વિ.ઠરાવ : પગર-૧૦૯૮-૧૨-મ, તા. ૨૨-૧-૯૮)

૩૩) આચાર્ય હસ્તક રૂા. ૫૦૦ અથવા તેથી વધુ સિલક મૂકવી. આચાર્યની સહીથી રજૂ કરેલ પગાર બિલ પાસ કરવું. (ઉ.શિ.નિ. : અનુ-૧ છ-૨૬૫૦-૨૬૫૧, તા. ૧૪-૩-૮૯) અનદ-૧-પગાર ગ્રાન્ટ-૨૩૯૯૫-૨૪૦૧૫, તા. ૧૧-૧૦-૯૫)

૩૪) ખોટા એલ.ટી.સી. ની ત્રણ ગણી રકમ વસૂલ કરવી. વસૂલાત ન ભરે તો ફોજદારી કેસ કરવો. (બમશ-૧૨૮૪-૨૫૦૭-૮૯-ગ, તા. ૧૩-૬-૮૯)

૩૫) બંધ થતી શાળાનું રેકર્ડ અને મિલકત ડી.ઇ.ઓ. એ પોતાના હસ્તક લેવા. (બોર્ડ : મબશ : જી-૪૦૭૩-૧૭૨, તા. ૧૨-૪-૮૮)

૩૬) કલમ ૩૬ (૩) અને કલમ ૧.૦ (ક) નીચેના અધિકારી પોતાની સત્તાઓ બીજાને તબદીલ કરી શકે નહી. આ કલમના નિર્ણય સામે બોર્ડમાં અપીલની જોગવાઇ નથી. (બોર્ડ : બમશ-જી-૩-૪૦૩૩૪-૪૦૩, તા. અને બમશ-ગ-વર્ગઘટાડો-૧૬૦૫૧-૫૬, તા. ૧૨-૧-૮૬)

૩૭) સંઘના હોદ્દેદારોને રજા (સી.એલ.) અને પરિષદ ખર્ચ મળે. (શિ.નિ.૨-૨-૭૯નો પરિપત્ર)

૩૮) પુનઃ સ્થાપિત કર્મચારીને મેનેજમેન્ટ હાજર ન કરે તો ડી.ઇ.ઓ. એ બારોબાર પગાર ચૂકવવો. ( એસ.એસ.એન.-૪૭૦-૨૫૮૨-જી, તા. ૩૦-૪-૭૫)

૩૯) કોર્ટ કેસ / તપાસ ચાલુ હોય તો પણ ૧૦૦% કામ ચલાઉ પેન્શન ચૂકવવું. ગ્રેજયુઇટી રોકવી. (એન.વી.એન.-૧૦૭૮-૨૬૩૧-પી, તા. ૨૪-૭-૭૯)

૪૦) શનિવારે અડધી રજા મળવાપાત્ર છે. (બોર્ડ તા. ૧૭-૧૨-૭૬ નો પરિપત્ર)

૪૧) આચાર્યની રજા વખતે અવેજીમાં સુપરવાઈઝરને વિકલ્પે ગુણાંકનને આધારે તાલીમી સ્નાતકને ચાર્જ સોંપવા
(બોર્ડ : તમા. ૨૪-૧૦-૮૪નો પરિપત્ર)

૪૨) કપાત પગારી રજામાં વચગાળાની રાહત મળવાપાત્ર નથી. અર્ધપગારી રજામાં અર્ધા દરે મળે. નિર્વાહ ભથ્થું
નિવાહ ભથ્થાના દર મુજબ મળે.

૪૩) લઘુમતી શાળાને પસંદગી સમિતિમાં સરકારી પ્રતિનિધિ બોલાવવામાંથી મુકિત મળેલ છે.
(તા. ૨-૮-૭૯નો પત્ર)

૪૪) સને ૯૬-૯૭ અને ૯૭-૯૮ સુધી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પાંચ વર્ગો હોય ત્યાં સુધી ૧૦ સરાસરી
હાજરી ગ્રાન્ટ માટે ગ્રાહ્ય.
(શિ.વિ. ઠરાવ બમશ : ૧૧૯૬-ઈ.એમ.આર.-૩૦, તા. ૯-૧-૯૭)

૪૫) શાળામાં વહીવટદારો, નિયામક કે તેવા પ્રકારના હોદેવારો નીમવા ગેરકાયદેસર છે.
બોર્ડ : મશબ-ગ-૧૫૦૪ (૭૪), તા. ૩-૮-૯૦)

૪૬) બિન શૈક્ષણિક કર્મચારીઓને પણ સત્રાંતે નિવૃત્ત કરવા.
(શિ.વિ.બમશ : ૧૦૯૭-એમ.એલ.એ.-૬-છ, તા. ૨૭-૧૧-૯૭)

૪૭) નિવૃત્તિ માટે સત્રાંતની તારીખો એટલે કે ૩૧ ઓકટોબર અને ૩૧ મે ગણવી.
(એસ. ઈ.આર.-૧૦૮૧-૫૫૫૦૨-૮૩-છ, તા. ૨૮-૧૦-૭૩)

૪૮) ટુરીઝમ કોર્પોરેશને પ્રમાણિત કરેલ ખાનગી કંપનીની બસનું પ્રવાસ ખર્ચ એલ.ટી.સી. માટે માન્ય.
(મશબ-૧૦૯૦-૧૦૫૮-જ, તા. ૩૦-૭-૯૦)

૪૯) આચાર્યની જગા ભરવા એન.ઓ.સી. અનિવાર્ય (બોર્ડ પત્રાંક : ૩૧૯-૯૬, તા. ૨૯-૩-૯૬)

૫૦) રોસ્ટર પાછળ ખેંચી આચાર્યની જગ્યા બિન અનામત ઉમેદવારથી ભરી શકાય.
(શિ.વિ. ઠરાવ : ૧૩૯૩, તા. ૨૦-૧૨-૯૩)

૫૧) એક વર્ષની નોકરી ધરાવતા અને તા. ૩૦-૬-૯૮ પહેલાં નિમાયેલા કર્મચારીઓને કાજલ તરીકેનું રક્ષણ
મળવાપાત્ર છે. (તા. ૧૬-૮-૯૪નો ઠરાવ અને ના. પંચનો ચુકાદો.)

૫૨) નિવૃત્તિ વખતે રજાનું રોકડ રૂપાંતર મળવાપાત્રછે. સેવા દરમ્યાન આચાર્ય અને બિન શૈક્ષણિક કર્મચારીઓને
રજાનું રોકડમાં રૂપાંતર પાંચમા પગાર પંચ બાદ મળવાપાત્ર નથી.
(જુઓ-તર્તસંબંધી ઠરાવો)

૫૩) પરદેશ ગયેલ વ્યકિત પરદેશથી શાળા મારફત રાજીનામું મોકલી શકે છે. (બોર્ડની સૂચના)

૫૪) બોર્ડની પરીક્ષાઓ દરમ્યાન શાળાની સ્થાનિક પરીક્ષાઓ ગોઠવવી નહી. રવિવાર કે અન્ય રજાઓમાં શાળા પરીક્ષાઓ ગોઠવવી નહીં. (બોર્ડની સૂચના)

૫૫) ઉચ્ચતર પગાર ધોરણ ફીકસેશનમાં બી.સી.એસ.આર.-૪૧ (એ)નો લાભ મળવાપાત્ર છે.

૫૬) ખાદી ભંડાર, ગ્રીમકો કે જેલમાંથી ખરીદી અનિવાર્ય નથી.
(શિ.વિ. ઠરાવ : બમશ -૧૧૯૫-૩૭૫૯-ગ, તા. ૫-૭-૯૬)

૫૭) નોકરી દરમ્યાન અવસાનના કિસ્સામાં વર્ગ ૧ થી ૪ સુધીના કર્મચારીઓના કુટુંબને ઉચ્ચક સહાય રૂા. ૨૫૦૦ મળવાપાત્ર છે.
(ના.વિ. ઠરાવ : નવત-૧૦૯૫-એમ.એલ.એ.-૬, તા. ૨૭-૧૧-૯૭)

૫૮) લોકલ બોડી શાળાઓ જો સી.એ. પાસે ઓડીટ કરાવે તો ખર્ચ ગ્રાન્ટ પાત્ર છે.
(ઉ.શિ. : અનુ. ૧-૧૦૨૭૧-૯૦, તા. ૭-૮-૮૬)

૫૯) ૩૦ વિદ્યાર્થી અને ૨૫ વિદ્યાર્થિનીઓ દીઠ એક શિક્ષક અને એક શિક્ષિકા, પરંતુ વધુમાં વધુ પાંચની મર્યાદામાં શાળા પ્રવાસે જઈ શકે. (ઉ.શિ. નિયામક : અનુ. ૧૬-૧૮૦૨-૨૨, તા. ૬-૨-૮૬)

૬૦) વિદ્યાર્થીઓના વાર્ષિક જવાબપત્રો અને શાળાનું પરીક્ષાનું રેકર્ડ વાર્ષિક પરીક્ષા પછીના વાર્ષિક નિરીક્ષણ સુધી સાચવવા જોઈએ. (બોર્ડ તા. ૧-૯-૭૭ નો પરિપત્ર)

૬૧) જો વિદ્યાર્થીઓની હાજરી ૧૮૦ થઈ હોય તો ધો.૧૦ અને ૧૨ માં ફરજિયાત હાજરીનો આગ્રહ રાખવો નહી.
(તા. ૧૭-૧-૯૮ નો પરિપત્ર)

૬૨) શાળામાં એક જ પટાવાળો હોય અને તે રજા ઉપર જાય તો રોજમદાર પટાવાળા રોકી શકાય. ખર્ચ ૬૫% માં અનુદાન પાત્ર છે.

૬૩) શાળામાં એક જ કલાર્ક હોય અને તે રજા ઉપર હોય તો અવેજી કલાર્ક નીમી શકાય. ખર્ચ ૬૫% માં પડી શકે.
(શિ.વિ. ઠરાવ : જી.એ.સી. ૧૦૭૩-૪૩૭૦૦-ગ, તા. ૧૯-૭-૮૦)

૬૪) રજાને કારણે ખાલી પડેલી જગા ઉપર અવેજી શિક્ષક નીમી શકાય. ચાર માસથી વધુ સમય માટે ફરી અવેજી શિક્ષક નીમવાની કાર્યવાહી કરવી જોઈએ. ખર્ચ ૬૫% માં પડી શકે.
(તા. ૧૯-૭-૮૦ નો શિક્ષણ વિભાગનો ઠરાવ અને બોર્ડની સૂચના)

૬૫) યુવક અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા યોજાતી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા જતાં ૧૦ ખેલાડીઓ સુધીનું પ્રવાસ ભોજન ખર્ચ ગ્રાન્ટપાત્ર છે. (તા. ૨૫-૮-૮૩નો પરિપત્ર)

૬૬) નોંધાયેલી અને માન્ય શાળાઓનું વિજળીબીલ રહેઠાણના દરે આકારવા પાત્ર છે. (વિદ્યુત શુલ્ક સમાહર્તાનો તા. ૪-૫-૮૮નો પરિપત્ર)

૬૭) એક વર્ષ પહેલાં શાળા છોડી ગયેલાંને ફરી પ્રવેશ આપતાં પહેલા જિલ્લા શક્ષિણાધિકારીની મંજૂરી મેળવવી છે. (બોર્ડ પરિપત્ર ક પ્રવેશ-૭૮-૭૯-જી-૧૬૬૮૧-૭૫૬, તા. ૨૯-૯-૭૮)

૬૮) કારકુને પણ શાળામાં આવવા-જવાનો સમય પૂરવાનો છે. (બોર્ડ : તા. ૨૪-૨-૭૬ નો પરિપત્ર) આચાર્યે સમય પૂરવો જરૂરી નથી. (તા. ૧૬-૧૦-૯૬નો પરિપત્ર)

૬૯) અધવચ્ચેથી જાહેર થતી રજાઓ જાહેરાતની ખાતરી કરી શાળા વધારાની રજા તરીકે ભોગવી શકે છે. (બોર્ડ રજા-ગ-૩-૮૯૨૮-૯૦૦૬, તા. ૧૬-૮-૭૬)

૭૦) ફાજલ કર્મચારીઓની સેવા ઉચ્ચતર પગાર ધોરણ માટે ગણવી. બિન શૈક્ષણિક કર્મચારી રાજીનામાથી ... બદલીની સેવા ઠરાવની શરતો મુજબ ગણવી. (શિ.વિ. ઠરાવ : બમશ-૧૩૯૭-૬૩૦-૧-ગ, તા. ૯-૩-૯૮)

૭૧) તા. ૨૭-૧૨-૯૩ પછી શિક્ષકો માટેની તાલીમી પરીક્ષાઓની નેશનલ કાઉન્સીલ ઓફ ટીચર્સ એજ્યુકેશનની મંજૂરી અને તાલીમી સંસ્થાનું કાઉન્સીલ સાથેનું જોડાણ ફરજિયાત છે. અન્યથા પરીક્ષા ગ્રાન્ટ લેતી સંસ્થા ભરતી માટે ગ્રાહ્ય નથી. (એન. સી.ટી.ઈ. એકટ તા. ૨૯-૧૨-૯૩)

૭૨) ખાનગી માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક અને બિન શૈક્ષણિક એમ બે જ કેટેગરીઓ છે. (ઉ.શિ.નિ. : બમશ-મા-૨-ઘ-૬૭૩૩-૫૧, તા. ૨-૭-૯૧)

૭૩) ઉચ્ચતર માધ્યમિક શાળાના ફાજલ શિક્ષકને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ફાળવી શકાય તેમ ન હોય તો માધ્યમિક શાળાની ખાલી જગ્યા ઉપર ફાળવવા. જો ઉ.મા. શાળામાં કાર્યભાર પૂર્ણ થતો ન હોય તો માધ્યમિક વિભાગમાં ખાલી જગ્યા હોય તો માધ્યમિક શિક્ષકની ફરજો સોંપવી. (ઉ.શિ.ક. પરિપત્ર-મશબ-૯૪-૯૫-મ-૮૮૦-૯૦૨, તા. ૧૧-૮-૮૪)

૭૪) બિન સરકારી માધ્યમિક શાળાઓમાં બિન શૈક્ષણિક કર્મચારીની જગ્યા ખાલી પડે ત્યારે સંચાલક મંડળે બઢતીપાત્ર બિન શૈક્ષણિક કર્મચારીની બઢતી માટે દરખાસ્ત ખાલી જગ્યા પડયાના ૯૦ દિવસમાં સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીને કરવી. (ઉ.શિ.ક. પરિપત્ર : અનુદાન-૧ઘ-૯૪-૯૫-૨૯૧૯૮-૨૯૨૧૬, તા. ૬-૧૨-૯૪)

૭૫) નોકરીમાં ૧૦ % કાપના ધોરણનો અમલ કર્મચારીના આશ્રિતને રહેમરાહે નિમણૂંક આપતી વખતે ધ્યાનમાં લેવાનો નથી.
(ના.વિ. પરિપત્ર : :-ખરચ-૧૦૫-એમ.આર. ૧-ઝ-૧, તા. ૩-૫-૯૫)

૭૬) બેંક મારફત પેન્શન (ના.વિ. ઠરાવ :પરચ-૫૬૫૭-ડી-૧૧-૫-૧, તા. ૧૦-૩-૯૭)

૭૭) રૂા. ૧૫૦૦૦/-રૂા.થી વધુ કિંમતની ન હોય તેવી ઘર વપરાશની ચીજ વસ્તુઓ ટી.વી., વોશીંગ મશીન, વી.સી.આર. , કુકીંગ રેન્જ, ગીઝર્સ, કોમ્પ્યુટર વસાવવા જી.પી.એફ. માંથી અંશત : આખરી ઉપાડ આપવો.
(ના.વિ. ઠરાવ : પી.એફ.આર-૧૦૪૬-૧૯૧-ચ, તા. ૧-૫-૯૭)

૭૮) બિન સરકારી માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓને મળવાપાત્ર ઉચ્ચતર પગાર ધોરણના કારણે થતાં પગાર વધારાને નિભાવ ગ્રાન્ટ અને મકાન ભાડાની ગ્રાન્ટ માટે ગણતરીમાં લેવાનો નથી.
(શિ.વિ.ઠરાવ : બમશ-૧૧૯૩-૫૭૬૫-ગ, તા. ૧૭-૩-૯૪)

૭૯) પ્રયોગશાળા મદદનીશ જો શિક્ષક તરીકેની લાયકાત ધરાવતો હોય તો આચાર્યની જગ્યા માટે લાયક ગણાય.
(બોર્ડ : મબશ-મ-૧-૨૧૨૩, તા. ૭-૧૨-૯૬)

૮૦) જિલ્લા શિક્ષણાધિકારી ૨૫ % સુધીની ગ્રાન્ટની કપાત આપી શકશે.
(શિ.વિ. ઠરાવ : બમશ-૧૧૯૫-૧૯૨૩-ગ, તા. ૧૫-૯-૯૫)

૮૧) ઉ.પ.ધો.નો લાભ આપતી વખતે ૨૯૦-૫૬૦ના પગાર ધોરણમાં આપવામાં આવેલ ૪ ઈજાફાઓને અગ્રીમ ઈજાફા ગણી પગાર બાંધણી કરવાની નથી.
(ઉ.શિ.ક.ઉ.હ. પગાર / એન.એફ.સી. ૭૦૪-૭૦૬, તા. ૩૦-૧૧-૯૫)

૮૨) હાર્ટ, કિડની, કેન્સર જેવા ગંભીર દર્દોમાં ખર્ચ રૂા. ૪૦૦૦૦/-થી વધુ થાય તેમ હોય સંભવિત ખર્ચના ૭૫ % બિન વ્યાજુકી પેશગી મળવાપાત્ર છે. (આ.પ.વિ. ઠરાવ : એમ.એ.જી.-૧૦૯૩-૧૮૨૫-અ) હાર્ટ સર્જરીનાકિસ્સામાં ડીસ્પોઝેબલ સાધનોનું ખર્ચ મજરે મળવાપાત્ર છે. (તા. ૨૧-૬-૯૫નો પરિપત્ર)

૮૩) તબીબી ભથ્થું મેળવતાં કર્મચારીએ રૂા. ૧૦૦૦ સુધીનું ખર્ચ પોતે ભોગવવાનું છે.
(આ.પ.વિ.ઠરાવ : એમ.એ.જી.-૧૦૯૦-યુ.ઓ.૧૮૬અ, તા. ૨૮-૧૦-૯૫)

૮૪) ધો.૧૦,૧૧ અને ૧૨ માં અભ્યાસ કરતા પોતાનાં બાળકો માટે પણ જી.પી. એફ. માંથી નિયમ અનુસાર અંશત : પેશગી મળવાપાત્ર છે.
(ના.વિ. ઠરાવ :પી.એફ.આર. ૧૦૯૧-૭૩૭ (૯૫) ચ, તા. ૫-૧-૯૬)

૮૫) પિતા હયાત હોય અને માસિક આવક રૂા. ૫૦૦ થી વધુ હોય તો માતા, ભાઈ, બહેન (વિધવા બહેન સહિત)

બદલી પ્રવાસ ભથ્થાં અને એલ.ટી.સી. માટે કર્મચારી ઉપર આધારિત ગણાશે નહીં. પરંતુ પિતા હયાત ન હોય ત્યારે માતા, ભાઈ (સગીર) બહેન (વિધવા બહેન સહિત) પૈકી જેમની આવક ૫૦૦/-થી વધતી ન હોય તે આધારિત ગણશે.
(ના.વિ. ઠરાવ : મશભ-૧૦૯૫-૩૧૬-જ, તા. ૧૫-૪-૯૫)

૮૬) ૧૦ થી વધુ કર્મચારીઓ ધરાવતા નોંધાયેલ ટ્રસ્ટી મંડળને ગ્રેજ્યુઈટી ધારો લાગુ પાડવામાં આવેલ છે.
(ગુજરાત સમાચાર (રાજકોટ) તા. ૨૨-૮-૯૭)

૮૭) પાળી પધ્ધતિથી ચાલતી શાળામાં આચાર્યની હાજરીનો સમય જિલ્લા શિક્ષણાધિકારીએ નક્કી કરવો.
(બોર્ડ :મશબ-૪૫-૪૮૮૪-૫૯૧૦, તા. ૧૪-૮-૯૫)

૮૮) શાળાનું રેકર્ડ શાળામાં રાખવું અને તપાસણી, નિરીક્ષણ, મુલાકાત વખતે માંગવામાં આવે ત્યારે રજૂ કરવું.
(ઉ.શિ.ક. ક્રમાંક : અનુ-૧-ઘ-પરચ-૯૫-૨૨૩૦૦-૧૯, તા. ૨-૯-૯૫)

૮૯) આશ્રમશાળા અને ઉત્તરબુનિયાદી આશ્રમ શાળાના કર્મચારીઓને શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓને રાજ્યની માધ્યમિક શાળાઓને ધોરણે ઉચ્ચ પગાર ધોરણ મળવાપાત્ર છે.
(આદિજાતિ વિકાસ વિભાગ ઠરાવ-બમશ-૧૫૮૭-૧૫૯૨-ગ, તા. ૨-૧૨-૮૭)

૯૦) ઉત્તર બુનિયાદી આશ્રમશાળાના ફિલ્ડ આસિસ્ટંટને ૧૩૫૦-૨૨૦૦નું પગાર ધોરણ તા. ૧-૧-૮૬થી મળવાપાત્ર.
(આદિજાતિ વિકાસ વિભાગ ઠરાવ-અમશ-૧૫૮૭-૧૫૯૨-૨૩૨-ગ, તા. ૧-૧-૮૮)

૯૧) રહેમરાહે નિમણૂંક માટે આવકમર્યાદા રૂા. ૨૦૦૦/- (જી.પી.એફ., તબીબી ભથ્થું ગ્રેજ્યુઈટી, વીમાની રકમ ઉપર વ્યાજ ગણવાનું નથી.)
(ઉ.શિ.ક. અનુ-૧-ઘ-રહે-૯૪-૯૫-૨૯૪૯-૬૯, તા. ૧૬-૩-૯૫)

૯૨) ઈન્ટરવ્યુમાં ભરવાની થતી જગ્યાના ઓછામાં ઓછા પાંચ ગણા ઉમેદવાર જરૂરી. રોજગાર/ સમાજ કલ્યાણ અધિકારીની કચેરીમાથી બિન અનામત ઉમેદવારની યાદી મંગાવવી જરૂરી નહી (બોર્ડ: મશબ-ગ-૧-૨-૩-સિ ૨૮૨૫-૨૯૦૦, તા. ૨-૫-૯૫)

૯૩) રૂા. ૨૫૦૦/- કરતાં વધુ ચૂકવણી ચેકથી કરવાનો અમલ તા. ૩-૧૨-૯૬ થી કરવો. તે પહેલાનાં ચૂકવણાં નિયમિત કરવા. (ઉ.શિ.ક. : અનદ-૨-ઘ-ગ્રાન્ટ-૮૨૦૨-૮૨૨૭, તા. ૭-૭-૯૭)

૯૪) ઉચ્ચતર માધ્યમિક વિભાગના એક પ્રવાહમાંથી બીજા પ્રવાહમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની પરવાનગીથી પ્રવેશ આપી શકાય.
(ઉ.શિ.ક. ઉમશ-વીસી-૯૪-૯૫-ઘ-૨-૨૮-૯૯૯-૨૯૧૦૦, તા. ૨૮-૧૧-૯૪)

૯૫) વિદ્યાર્થી સંખ્યા ઘટતાં વહીવટી કર્મચારીને સને ૯૫-૯૬ માટે મૂળ શાળામાં તેમની જગ્યા પર ચાલુ રાખવા.
(ઉ.શિ.ક. બમશ-મા-૧-ઘ-૯૫-૫૯૪-૬૧૧૪, તા. ૧-૮-૯૫નો સુધારો)

૯૬) ૨૦૦૦-૩૫૦૦ તથા ૨૦૦૦-૪૦૦૦ ના ઉચ્ચતર પગાર ધોરણ માટે બઢતી સમિતિનો ઠરાવ જરૂરી, અન્ય કિસ્સામાં નહી.
(શિ.વિ. ઠરાવ : બમશ-૪૦૮૮-૨૦૨૮ ગ, તા. ૧-૮-૯૫નો સુધારો)

૯૭) સુપરવાઈજાર એલાઉન્સ માસિક રૂા. ૧૫૦/-
(શિ.વિ. ઠરાવ : બમશ-૧૩૯૧-૪૯૩, તા. ૩૦-૭-૯૬)

૯૮) માધ્યમિક શાળામાં દર ૮ વર્ગે ૧ સુપરવાઈઝર પણ બે થી વધુ નહી.
(શિ.વિ. ઠરાવ : બમશ-૧૩૯૬-૪૯૨-ગ, તા. ૩૦-૭-૯૬)

૯૯) વ્યવસાયલક્ષી ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીને શાળાને ૩ વર્ષ થયા હોય અને કર્મચારીને ૧ વર્ષની નોકરી હોય તો ફાજલ તરીકેનું રક્ષણ મળે.
(શિ.વિ. ઠરાવ : :મશ-૫૧૯૬-૧૪૭૧-ગ, તા. ૩૧-૭-૯૬)

૧૦૦) ઉચ્ચતર માધ્યમિક શાળા( વિજ્ઞાન પ્રવાહ) માં મદદનીશ શિક્ષક (પ્રયોગશાળા) તરીકે કામ કરતાં શિક્ષકને તેમના વિષય અનુસારની શિક્ષકની જગ્યા ખાલી પડે તો નિમણૂંકની કાર્યવાહી /પ્રક્રિયા અનુસર્યા વગર શિક્ષક તરીક નિમણૂંક આપી શકાશે.

૧૦૧) પાર્ટ ટાઈમ : વર્ગ-૪ નો પગાર ૧ કલાકે પ્રતિમાસ રૂા. ૧૫૦ પણ ૯૦૦ થી વધુ નહી.
(નાણાં વિભાગ-ઠરાવ : ઇ.સી.આર.-૧૦૯૪-એમ.આર.-૫૯૭-સી.એચ., તા. ૫-૪-૯૭)

૧૦૨) વ્યવસાયલક્ષી પ્રવાહના નિયમ વિરુદ્ધની લાયકાત ધરાવતા શિક્ષકોને નિયમબદ્ધ કરવા.
(શિ.વિ. ઠરાવ : નવત-૧૧૯૧-જી.ઓ.આઇ.-૭૫(૧), તા. ૨૫-૧૧-૯૧)

૧૦૪) શિક્ષક /કર્મચારીને ફાજલ કરવામાં આવે ત્યારે આચાર્ય તેમને છુટા કરી શકે. અને ફાજલ કર્મચારી / શિક્ષકને સમાવવામાં આવે ત્યારે હાજર રહેવા આચાર્યે આદેશ આપવો.
(કોડ નિયમ ૬૪ (૩) નો સુધારો-ઠરાવ :બમશ-૧૧૯૫-૧૯૨૪-ગ, તા. ૨૭-૯-૯૬)

૧૦૫) બિન સરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાએ જૂન માસના અંત સુધીમાં શાળાનું ઓડીટેડ સ્ટેટમેન્ટ રજૂ કરવું, વિદ્યાર્થીઓ પાસેથી એકત્રિત કરેલી ફી સરકારમાં જમા કરાવવી. પાલન ન થવાના કિસ્સામાં પગાર ગ્રાન્ટ તેમજ ઇતર ખર્ચ ગ્રાન્ટ અટકાવવી. (કોડ નિયમ ૯૦(૨) માં ઉમેરો કોડ નિયમ ૯૫ (૧) માં ઉમેરો :
શિ.વિ. ઠરાવ-૧૨૯૫-૨૭૯૫-ગ-૧, તા. ૨૦-૯-૯૬)

૧૦૬) એસ.એસ.સી.૯૬નું પરિણામ ઓછું આવતાં ઉચ્ચતર માધ્યમિક શાળાનું સરાસરી હાજરીનું પ્રમાણ
માટેના ઠરાવ અનુસાર ચાલુ, બિન શૈક્ષણિક કર્મચારી ફાજલ પડતાં હોય તો વ્યકિતગત દરખાસ્ત
(શિ.વિ.નો તા. ૧૭-૧૦-૯૬નો પરિપત્ર અને અખબારી અહેવાલ)

૧૦૭) ૨૪૦ ને બદલે ૩૦૦ ઇ.એલ. એટલે સેવા દરમ્યાન રૂપાંતર રદ.
(ના.વિ. પી.જી. આર.-૧૦૯૮-૨૦ એમ., તા. ૧૯-૨-૯૮)

## ગ્રાન્ટ ઇન એઇડ ૧૯૬૪ તેમજ વિનિયમ અને ધારાની કલમોની સારણી

- પરિશિષ્ટ-૨ મુજબના માન્ય શાળાના એલ.સી. આધારે પ્રવેશ.
- બીજા રાજયમાંથી આવતા વિદ્યાર્થી માટે જે તે શિક્ષણ અધિકારીએ કાઉન્ટર સાઇન કરેલું એલ.સી.
- સ્ટેશનરી કે યુનિફોર્મ અમુક એજન્સી મારફતે ખરીદવા વિદ્યાર્થી કે તેના વાલીને દબાણ કરી શકાશે નહી.
- જિલ્લા શિક્ષણની પૂર્વણ મંજૂરી સિવાય જનરલ રજીસ્ટરમાં લખેલી જન્મ તારીખ કે બીજી નોંધોમાં કોઇ સુધારા કરવાની છૂટ નથી. (જન્મ તારીખ અને નામમાં ફેરફાર કરવાની કાર્ય પદ્ધતિ)
- એલ.સી. મોડામાં મોડું સાત દિવસમાં કાઢી આપવું.
- પ્રવેશ અપાય ત્યારે અને દર બીજા વર્ષે દાકતરી તપાસ (૧૬ એ) (૨)
- શાળાના વડાએ મહેનતાણા લીધા સિવાય પણ કોઇ ટયુશન રાખવું નહી તેમજ કોઇ પણ કર્મચારી ટયુશન કરી શકશે નહી.
- ગુ.મા.શિ. અધિનિયમ ૧૯૭૨ મુજબ (૧) અને (૨) બોર્ડની પૂર્વ મંજૂરી વિના ઉપલું ધોરણ અથવા ચાલુ ધોરણના વિષયો શરૂ કરી શકાશે નહી.
- શૈક્ષણિક વર્ષની શરૂઆતથી ૩૦ દિવસની મુદત દરમ્યાન પ્રવેશ આપવો.
- નિમણુંક પામેલ કર્મચારીનું ૩ મહિનામાં તબીબી પ્રમાણપત્ર.
- સર્વિસબુક-૩ મહિનામાં.